# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-12-2024 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ-વીર બાળ દિવસની ઉજવણી :

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, આજે નવી દિલ્હીમાં વીર બાળ દિવસ પ્રસંગે સાત શ્રેણીઓમાં અસાધારણ ઉપલબ્ધિઓ હાંસલ કરનાર 14 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં 17 બાળકોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત કરશે.

સરકાર કળા અને સંસ્કૃતિ, બહાદુરી, નવીનીકરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક સેવા, રમતગમત અને પર્યાવરણમાં ઉપલબ્ધિ હાંસલ કરનારા બાળકોને પુરસ્કાર પ્રદાન કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીના ભારતમંડપમમાં ભારતના ભવિષ્યનાં પાયા સમાન બાળકોને સન્માનિત કરતા રાષ્ટ્રવ્યાપી સમારોહ વીર બાળ દિવસમાં ઉપસ્થિત રહીને સંબોધન કરશે. પ્રધાનમંત્રી સુપોષિત ગ્રામ પંચાયત અભિયાન પણ શરૂ કરશે.

વીર બાળ દિવસનાં મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા અને રાષ્ટ્ર પ્રત્યે હિંમત અને સમર્પણની ભાવના જગાવવા દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. MyGov અને માય ભારત પોર્ટલ દ્વારા ક્વિઝ સહિતની ઓનલાઇન સ્પર્ધા યોજવામાં આવી છે.

દરમ્યાન ભુજના કેડીસીસી હોલમાં સવારે 11 વાગ્યે કચ્છ જિલ્લા ભાજપ દ્વારા વિર બાલ દિવસની ઉજવણી અંતર્ગત પુષ્પાંજલિ તેમજ વિચાર ગોષ્ઠિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------

## CM-ભુજમાં અવકાશી વેધશાળાનો પ્રારંભ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગરમાં સુશાસન દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં વર્ચ્યૂઅલ માધ્યમથી જીલ્લા મથક ભુજમાં દેશની પ્રથમ અવકાશી વેધશાળાનો

પ્રારંભ કરાવ્યો હતો. ભુજના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે અમેરિકાની કંપની 'પ્લેન વેવ ઇન્સ્ટ્રુમેન્ટ્સ' દ્વારા તૈયાર કરાયેલી આ અવકાશી વેધશાળામાં નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે સુલભ સૌથી મોટું CDK-24 ટેલિસ્કોપ શરૂ કરાયું છે.

ઉપરાંત "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનારા વિભાગો અને વડી કચેરીઓનું પણ મુખ્યમંત્રીએ સન્માન કર્યું હતું.

તો ગાંધીનગરમાં પંડિત દિનદયાળ ઊર્જા વિશ્વવિદ્યાલય ખાતે શરૂ કરાયેલા સેમિ-કન્ડક્ટર તાલીમ કેન્દ્રમાં આગામી પાંચ વર્ષમાં એક હજાર યુવાનોને સેમિ-કન્ડક્ટર ક્ષેત્રની તાલીમ અપાશે.

---

## CM-વન વિભાગમાં નિયુક્તિપત્ર:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વનવિભાગ દળમાં જોડાઈ રહેલા નવા ઉમેદવારોને પર્યાવરણ રક્ષા અને વનોના જતન સંવર્ધન સાથે રાજ્યની વિકાસયાત્રામાં સહભાગી થવા આહ્વાન કર્યું છે. ગાંધીનગરમાં શ્રી પટેલે ગઈકાલે સુશાસન દિવસ નિમિત્તે વનવિભાગમાં નિમણૂક પામેલા 810 વનરક્ષક અને 40 જેટલા મદદનીશ વનસંરક્ષકને નિયુક્તિપત્ર એનાયત કર્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી સહિત મહાનુભાવોના હસ્તે "સેવા, સંકલ્પ અને સુશાસનના બે વર્ષ", "બેસ્ટ પ્રેક્ટિસીઝ ઑફ ફૉરેસ્ટ" અને ભારતીય વરુની રાજ્યમાં હાજરી અંગે 'એટલાસ ઑફ ઇન્ડિયન વૉલ્ફ હેબિટાટ્સ ઇન ગુજરાત" એમ ત્રણ પુસ્તકોનું વિમોચન કરાયું હતું.

---

## સુશાસન દિવસની ઉજવણી:

દેશના ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે ગઈકાલે દેશભરમાં ૧૦,૦૦૦ નવીન એમ-પેક્સ, ડેરી અને ફીશરીઝ સોસાયટીઓનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અન્વયે કચ્છ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, કેડીસીસી બેંક અને નાબાર્ડ કચ્છના

સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં કચ્છ જિલ્લાની ૦૯ એમ-પેક્સ(સેવા), ૧૫૬ દૂધ મંડળીઓ અને ૦૧ ફિશરિઝ મંડળીને રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------

## ગુજરાત સાહિત્ય અકાદમી

**ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા બે દિવસીય કચ્છી અસ્મીતાનો ઓછવ સાહિત્ય ઉત્સવનો ગઈકાલે ભુજમાં સ્મૃતિવન ભુજના સંગ્રાલય ખાતે આરંભ થયો હતો. આ કાર્યક્રમ દરમ્યાન વિવિધ આઠ સત્રમાં કચ્છી લોક સંગીત ,ઈતિહાસ, સંગ્રહ સાહિત્ય સહિતના કાર્યક્રમો યોજાયા હતા.ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને સમર્થ સર્જક ભાગ્યેશ જહાએ કચ્છી ભાષાને જીવાડવા અકાદમીના સહયોગ સાથે આવનારા દિવસોમાં ગાંધીનગર ખાતે અકાદમી ભવનમાં કચ્છી સર્જકો સાથે કચ્છી ભાષા સંમેલન યોજવાની ખાતરી આપી હતી.**

---------------------------------------------------------------------------------